# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-07-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પીએમ કિસાન યોજના

**પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાનો 20મો હપ્તો 2જી ઓગસ્ટના રોજ છુટો કરવામાં આવશે. આ સંબંધમાં ગઇકાલે નવી દિલ્હીમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.**

**આ બેઠકમાં કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી અને મહત્તમ ખેડૂતો સુધી તેનો લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના વારાણસીમાં કરશે.**

**આ બેઠકમાં શ્રી ચૌહાણે અધિકારીઓને આ કાર્યક્રમ સાથે રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને ગ્રામ સ્તરના ખેડૂતોને જોડવાની સૂચના આપી હતી અને આ કાર્યક્રમને રાષ્ટ્રવ્યાપી અભિયાન તરીકે આયોજિત કરવા હાકલ કરી હતી. તેમણે દેશભરના ખેડૂતોને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરી હતી.**

**--------------------------------------------------------------------------------------------**

## સ્કીમ ફોર પ્રમોટીંગ રિસર્ચ ઇન હેલ્થ એન્ડ મેડિકલ કેર

**આરોગ્ય ક્ષેત્રે સંશોધન માટે "સ્કીમ ફોર પ્રમોટીંગ રીસર્ચ ઇન હેલ્થ એન્ડ મેડિકલ કેર"ને મંજૂરી આપવામાં આવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર સંશોધન માટે પ્રોજેક્ટ દીઠ મહત્તમ 10 લાખ રૂપિયાની સહાય રાજ્ય સરકાર આપશે. જ્યારે 10 લાખથી ઉપરની સહાય માટે કેન્દ્ર સરકારની સહાય અને અન્ય સંસ્થાઓમાંથી અનુદાન અપાશે. આ માટે પ્રોજેક્ટ્સ**

**એકથી ત્રણ વર્ષની સમય મર્યાદાના હોવા જરૂરી છે. રીસર્ચ પ્રોજેક્ટની મંજૂરી માટે રાજ્ય સંશોધન સલાહકારી સમિતિ સમીક્ષા કરશે.**

**રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ, જીલ્લા/પેટા જીલ્લા અને સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ખાતેના નિષ્ણાંતો / તજજ્ઞો કે જેમાં** MBBS / MS/ MD/ MCH/ DM/ DNB **અથવા સંલગ્ન સંવર્ગના** PhD **ફેકલ્ટીને લાભ આપવામાં આવશે.**

**------------------------------------------------------------------------------------------**

વનવિભાગ – કચ્છ સૌરાષ્ટ્ર ગ્રીન કવર

**રાજ્યમાં વન વિભાગ, ગ્રીન કવર વધારવા કચ્છ સૌરાષ્ટ્ર સહિતના બધા જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર રોડની બંને બાજુની તેમજ અન્ય ખાલી જગ્યાઓમાં અંદાજે 7.63 લાખ રોપા વાવશે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની પ્રેરક ઉપસ્થિતિમાં વન વિભાગે આ રોપા વાવેતર અંગે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા સાથે ગાંધીનગરમાં સમજૂતી કરાર કર્યા.**

**આ યોજનાના અમલથી પરિસ્થિતી વિજ્ઞાન અને પર્યાવરણ સુરક્ષાની સાથે સાથે ટકાઉ વિકાસ લક્ષ્યોને પણ હાંસલ કરી શકાશે.**

**------------------------------------------------------------------------------------------**

ATS – આંતકી મહિલા

**ગુજરાત આતંકવાદ વિરોધી દળ –** A.T.S.**એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલી 30 વર્ષની મહિલાની ધરપકડ કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આ મહિલા આતંકી સંગઠનની વિચારધારાનો પ્રચાર કરી રહી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, બેંગ્લુરુથી પકડાયેલી આ મહિલા ઑનલાઈન આતંકી મૉડેલ પર કામ કરે છે. જેના પાકિસ્તાની સંપર્ક પણ મળી આવ્યા છે.**

----------------------------------------------------------------------------------------------------

## મુન્દ્રા – અકસ્માતમાં વૃદ્ધનું મોત

**મુન્દ્રામાં** ગઇકાલે **સાંજે એક અકસ્માત સર્જાયો છે.રોકડીયા હનુમાનજી મંદિરમાંથી દર્શન કરી બહાર નીકળતા 55 વર્ષીય વૃદ્ધ પર ક્રેન ફરી વળી હતી. હાઈડ્રો ક્રેનની અડફેટે આવતાં વૃદ્ધનું ઘટના સ્થળે જ મોત થયું હતુ. બીજી તરફ અકસ્માતને પગલે લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.**

----------------------------------------------------------------------------------------------------

## ભુજ- જિલ્લા સૈનિક બોર્ડ બેઠક

**ભુજ ખાતે નિવાસી અધિક કલેક્ટર ડી. પી. ચૌહાણના અધ્યક્ષસ્થાને જિલ્લા સૈનિક બોર્ડની ત્રિમાસિક સમસ્યા નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો અને તેમના પરિવારને લગતી સમસ્યાઓના સમાધાન બાબતની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સચિવ, જિલ્લા સૈનિક કલ્યાણ અને પૂનર્વસવાટ અધિકારી તથા સમસ્યા નિવારણ સમિતિના સભ્યો તેમજ પૂર્વ સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા** તેવું **જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ભુજ કચ્છની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.**

----------------------------------------------------------------------------------------------------

## ભુજ-રાજકોટ ટ્રેન શરૂ

**ભુજ-રાજકોટ વચ્ચે એક મહિનાના અંતરાય બાદ ફરી ટ્રેન શરૂ થઈ છે. પ્રવાસીઓની માંગણીને ધ્યાને રાખીને હવે રાત્રિના સમયે આ ટ્રેન દોડાવવામાં આવશે. ભુજથી બુધવાર, શુક્રવાર અને રવિવાર રાત્રે 11:15 વાગ્યે ઉપડી સવારે 5ને 50 મિનિટે રાજકોટ અને જ્યારે રાજકોટથી મંગળવાર, ગુરુવાર અને શનિવાર રાત્રે 10:30 વાગ્યે આ ટ્રેન ઉપડી સવારે વાગ્યે કલાકે ભુજ પહોંચાડશે. ગઇકાલે બુધવારે ભુજથી રાજકોટ જવા માટે પહેલી ટ્રીપ હતી. આ ટ્રેનમાં સ્લીપર, એસી કોચ સહિત 17 ડબ્બા છે. ઓનલાઇન બુકિંગ પણ શરૂ થઈ ગયું છે ત્યારે આગામી દિવસોમાં આ ટ્રેન સેવા પ્રવાસીઓ માટે ઉપયોગી સાબિત થશે.**

---

## ક્રિકેટ

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ આજથી લંડનનાં ઓવલ મેદાન પર શરૂ થશે. મેચ ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે. ઇંગ્લેન્ડની ટીમે બે મેચ જ્યારે ભારતે એક મેચમાં વિજય મેળવ્યો છે. ચોથી મેચ અનિર્ણિત રહી હતી.

---

## હવામાન વિભાગ આગાહી

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યુ કે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે આગામી 3 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

## પ્રસારણ મંત્રી : અશ્વિની વૈષ્ણવ

સરકારે કહ્યું છે કે ખોટી અને સંભવિત હાનિકારક માહિતીનો પ્રચાર કરવા બદલ ઓપરેશન સિંદૂર દરમિયાન ડિજિટલ મીડિયાના એક હજાર 400 થી વધુ વેબ સરનામા-URLને બ્લોક કરવામાં આવ્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું કે,

તેમણે કહ્યું કે, સરકારે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતીના ફેલાવાને નિયંત્રિત કરવા માટે તમામ શક્ય પગલાં લીધાં હતાં. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન મોટા પાયે નકલી સમાચાર, ખોટી માહિતી અને પ્રચાર અભિયાનો ચલાવવામાં આવ્યા હતા, જે મોટાભાગે ભારતની બહારથી હતા.

---